DATE:- 14-09-2025

GUJARAT SAMACHAR, PAGE-06, SURAT

## એન્જિનિયરિંગ કમાલ વચ્ચે ચેલેન્જિંગ કામગીરી શરૂ કરવામાં આવી


# સારોલીમાં મેટ્રોનો ૮૧૦ ટન વજનના ૨૫૦ ફૂટ લાંબા સ્પાનનું ઈન્સ્ટોલેશન શરૂ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

શહેરમાં ચાલી રહેલી મેટ્રો રેલની કામગીરી તબક્કાવાર આગળ વધી રહી છે. સારોલીથી ભેંસાણ વચ્ચે તૈયાર થઈ રહેલા કોરીડોર-૨ ની કામગીરી અંતર્ગત સારોલી નજીક વિશાળ અને વજનદાર સ્પાન મુકવાની ચેલેન્જિંગ કામગીરી હાથ ધરાઈ છે. એન્જિનિયરિંગની કમાલ વચ્ચે મેટ્રો રૂટ ઉપર સૌથી લાંબો ૮૧૦ ટન વજન અને ૨૫૦ ફૂટની લંબાઈ ધરાવતો સ્પાન મુકવામાં આવ્યો છે. રોડ લેવલથી ૯ મીટરની ઊંચાઈએ મેટ્રોના પીલર ઉપર સ્પાન ચઢાવવા માટે વિવિધ પ્રકારના ૨૪ જેક મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્થળ ઉપર જ લોખંડના સ્પાનના અલગ અલગ ભાગોને જોડવા નાના-મોટા ૫૦ હજાર બોલ્ટનો ઉપયોગ કરવામાં આવશે.

## રોડ લેવલથી ૯ મીટરની ઊંચાઈએ મેટ્રોના પીલર ઉપર પુશીંગ પધ્ધતિથી સ્પાન ચઢાવવા ૨૪ પ્રકારના જેક મશીનનો ઉપયોગ થયો

મેટ્રોના કોરીડોર-૨ની કામગીરીએ વેગ પકડયો છે. સારોલીથી રઘુકુળ માર્કેટ વચ્ચે આરસીસીને બદલે રેલવે બ્રિજ માટે ઉપયોગમાં લેવાતા લોખંડના સ્પાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એન્જિન્યરીંગ ક્ષેત્રે થઈ રહેલા નવા નવા આવિષ્કાર વચ્ચે ચેલેન્જિંગ કામગીરી સરળતાથી કરવામાં આવી રહી છે. આયોજન સાથે શરૂ કરવામાં આવેલી જટિલ કામગીરીનો વધુ એક દાખલો સારોલી રોડ ઉપર જોવા મળ્યો છે. મેટ્રોના કોરીડોર-૨ અંતર્ગત સારોલી અને રઘુકૂળ માર્કેટ પાસે ટન બંધ વજન ધરાવતા લોખંડના બે વિશાળ સ્પાન પીલર ઉપર ચઢાવવામાં આવ્યા છે. આ માટે એન્જિન્યરોની ટીમે માઈક્રો પ્લાનિંગ સાથે કરેલા ફૂટવર્ક ઉપર સૌનું ધ્યાન આકર્ષિત થયું છે. વજનદાર સ્પાન સ્થળ ઉપર લાવી સીધો ઈન્સ્ટોલ કરવાની કામગીરી ભયજનક હોય નજીકમાં જ લોખંડના ગર્ડરને અલગ અલગ ભાગમાં જોડવામાં આવ્યા હતા. એક પ્રકારે અલગ અલગ જોઈન્ટ્સને એસેમ્બલ કરવામાં આવ્યા હતા. કામગીરી પાછળ છ મહિનાનો સમય લાગ્યો હતો.



### કોરીડોર-૨ ઉપર સારોલીના સ્પાનની ખાસિયત

- ૮૧૦ ટન વજન
- ૨૫૦ ફૂટની લંબાઈ
- ૯ મીટર રોડ લેવલથી ઊંચાઈએ સ્પાન
- ૫૦ હજાર નાના-મોટા બોલ્ટનો ઉપયોગ થશે
- ૬ મહિના સ્પાનના વિવિધ ભાગ જોડવામાં થયા

આ કામગીરી પૂર્ણ થતાં ખાસ ટેકનોલોજીના ઉપયોગથી ૮૧૦ ટનના સ્પાનને પીલર ઉપર ચઢાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. રોડ લેવલથી ૯ મીટરની ઊંચાઈએ પીલર ઉપર લોખંડના સૌથી વજનદાર ગર્ડર ચઢાવવા કૂલ ૨૪ જેટલા જેક મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પીલર ઉપર ગર્ડર ચઢાવાયા બાદ તેને ઈન્સ્ટોલ કરવા માટે વિશેષ પુશિંગ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લોખંડના ગર્ડરને એકબીજા સાથે જોડી રાખવા માટે નાના-મોટા ૫૦ હજાર નટ-બોલ્ટ વપરાશમાં લેવાયા હોવાનું વર્તુળોએ જણાવ્યું હતું. એટલું જ નહીં, ૮૧૦ ટન વજન અને ૨૫૦ ફૂટની લંબાઈના ગર્ડર રાજ્યમાં મેટ્રો રેલની કામગીરીમાં સૌપ્રથમવાર ઈન્સ્ટોલ થઈ રહ્યાં હોવાનું ઉમેર્યું હતું.